# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SAFAI ABHIYAN/ SEVA SETU

રાજ્યભરમાં આજથી સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેનાં ભાગરૂપે અનેક શહેરોમાં કાર્યક્રમો યોજાયા હતા.

ગાંધીનગરમાં પથિકાશ્રમ એસટી ડેપો ખાતે રાજ્યનાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કાર્યકર્તાઓ સાથે સફાઈ કરીને કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.

બનાસકાંઠા જિલ્લાનાં કલેકટર મિહિર પટેલે અંબાજીમાં ગબ્બર તળેટી ખાતેથી જિલ્લા કક્ષાના સ્વચ્છતા અભિયાન કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. શ્રી પટેલે અંબાજી ભાદરવી પૂનમના મેળામાં સ્વચ્છતાની જવાબદારી નિભાવતા સફાઈ કર્મીઓને સ્વચ્છતા યોધ્ધા ગણાવીને મેળા દરમિયાન ચાલી રહેલી સફાઈ કામગીરીને બિરદાવી હતી.

મહીસાગર જીલ્લા વહીવટી તંત્ર અને લુણાવાડા નગરપાલિકા દ્વારા ઇન્દિરા મેદાન ખાતે પંચમહાલના સાંસદ રાજપાલ સિંહની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સફાઈમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સફાઈ કામદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા

પાટણ જિલ્લાના સિધ્ધપુર એસ.ટી. બસ સ્ટેશન ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે સ્વચ્છતા કાર્યમાં જોડાઈને શ્રમદાન કર્યુ હતું.

કચ્છ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ તથા સ્વચ્છતા હી સેવા અભિયાનનો માનકુવા ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેકટર નિકુંજ પરીખે જણાવ્યું હતું કે દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ હેઠળ જાહેર સ્થળો, કચરાના સ્થળો વગેરેની સફાઇ હાથ ધરાશે, જેમાં સફાઇ મિત્ર સુરક્ષા શિબિરનું આયોજન કરવામાં આવશે.

સ્વચ્છતા હી સેવા અને સેવા સેતુ કાર્યક્રમ 31 ઓક્ટોબર સુધી ચાલશે..

# EK PAD MA KE NAM

આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી લઇને બીજી ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા પખવાડિયું ઉજવાઇ રહ્યું છે, જે અંતર્ગત રાજ્યમાં વૃક્ષારોપણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.

ગાંધીનગરમાં એક પેડ માં કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો..મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું, જેમાં સચિવાલયના 2 હજારથી વધુ કર્મચારીઓએ વૃક્ષ વાવ્યા હતા.. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મૂળુ બેરાએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વૃક્ષારોપણની કરવામાં આવેલી અપીલને રાજ્યમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

**(બાઇટ- મૂળુભાઇ બેરા, વન અને પર્યાવરણ મંત્રી)**

ડાંગના સુન્દા ખાતે યોજાયેલા ‘એક પેડ માં કે નામ’ કાર્યક્રમ અંતર્ગત એક હજાર જેટલા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું. સુન્દા ઉપરાંત વઘઇ તાલુકાના ભેંસકાતરી અને સુબીર તાલુકાના લવચાલી ગામમાં પણ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

# GANESH VISARJAN

આજે ગણેશોત્સવનો છેલ્લો દિવસ એટલે અનંત ચતુર્દશી છે. દસ દિવસ બાપ્પાની પૂજા, અર્ચના અને આરાધના બાદ આજે સ્થાપિત મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવી રહ્યું છે. ગણેશ ભક્તો ભારે હૈયે શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન કરી રહ્યા છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરો, નગરો અને ગામડાઓમાં આ વિસર્જન થઇ રહ્યું છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મોડી રાત સુધી તળાવો, કૃત્રિમ વિસર્જન કુંડમાં વિસર્જન કરવામાં આવશે.

બીજી તરફ, તાપી જિલ્લામાં અલગ અલગ મંડળો દ્વારા 500થી વધુ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવી રહ્યું છે. વ્યારા શહેર અને જિલ્લામાં 750 જેટલા પોલીસ જવાનો ખડેપગે ફરજ બજાવશે.

જામનગર, સુરતમાં ઠેર- ઠેર ગણેશ ભક્તો દ્વારા ગણપતિની પ્રતિમાઓને વિસર્જિત કરવામાં આવી રહી છે.

# PM BIRTHDAY- GOVERNOR/CM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પુષ્પો અર્પણ કરીને સમગ્ર ગુજરાતના નાગરિકો વતી તેમને  શુભકામનાઓ પાઠવી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રધાનમંત્રીને શાલ ઓઢાડીને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો ભેટ આપ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રીને 'જ્ઞાની પુરુષ-દાદા ભગવાન' પુસ્તક ભેટ આપ્યું હતું.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યનાં તમામ મંત્રીઓએ આજે સવારે અમદાવાદ વિમાનમથક પર પ્રધાનમંત્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

# MEHSANA- ST EXTRA BUS

અંબાજીમાં ભાદરવી પૂનમનાં મેળા માટે મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા વધુ બસો દોડાવવાનું આયોજન કરાયું હતુ. ચાર દિવસમાં 397 બસો દ્વારા એક હજાર 368 ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 66 હજારથી વધુ મુસાફરોએ સલામતી કરી હતી. આ વિશેષ બસોને કારણે મહેસાણા એસ.ટી. વિભાગને 66 લાખ રૂપિયાથી વધુ આવક થઈ હતી.

# VISNAGAR MARKETING YARD

વિસનગર માર્કેટયાર્ડમાં નવી સિઝનનાં કપાસનાં પાકની આવક શરૂ થઈ ગઈ છે. 801 થી લઈ 1921 રૂપિયાનાં પ્રતિ મણનાં ભાવે 241 241 મણ કપાસની આવક થઈ હતી. વિસનગરના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખેડૂતો કપાસના પાકને વેચવા આવી રહ્યા છે. ધીરે ધીરે કપાસની આવકમાં વધારો જોવા મળશે.

# AHM VADODRA- RAPID RAIL

અમદાવાદ-ભુજ બાદ આગામી સમયમાં અમદાવાદ-વડોદરા વચ્ચે પણ 'નમો ભારત રેપિડ રેલ' શરૂ થવાની સંભાવના છે. આ ઉપરાંત વડોદરા-સુરતને પણ રેપિડ રેલથી જોડવા વિચારણા ચાલી રહી છે. 110થી 120 કિલોમીટર પ્રતિ કલાકની અંદાજિત ઝડપે દોડનારી આ ટ્રેનથી અમદાવાદ-વડોદરાનું અંતર 70 મિનિટમાં જ કાપી લેવાશે. અમદાવાદ-ભુજ વચ્ચે રોજની એક રેપિડ રેલ છે, જ્યારે અમદાવાદ-વડોદરા વચ્ચે બેથી ત્રણ રેપિડ રેલના 2-3 ફેરા ચલાવવામાં આવે તેવી સંભાવના છે.

આ રેપિડ રેલથી અમદાવાદ-વડોદરા વચ્ચે અપડાઉન કરનારા નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓને ફાયદો થશે.